Registration No.: CC/ 25055/2022
Filing No.: CC/25055/2022
Filed On: 03/03/2022
Registered On :03/03/2022
Decided on :12/03/2022
Duration: dd/mm/yy

**IN THE COURT OF ADD.CHEIF METROPOLITAN MAGI.COURT NO.1 AT.AHMEDABAD**

**CRIMINAL CASE NO. 25055/2022**

**Exh.05**

**Complainant**:

1. **The state of Gujarat**

**VERSUS**

**Accused**:

1. **Dipakbhai Babubhai Parmar**
   **Age:27,Occupation:Nokari**
   **At: 88/03/84 Fusabhau Thakare Nagar, Durganagar Soc.,Vatav Ahmedabad.**

Appearance :
Miss. M. A. Macwan A.P. P. For Complainant 1,
No Advocate For Accused 1 ,

---

**ગુનો: ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯ તથા મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૪ મુજબ.**

## –: J U D G E M E N T :–

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપીએ તા.૨૬/૦૨/૨૦૨૨ ના કલાક ૧૨:૩૦ વાગે આવકાર હોલ ચાર રસ્તા જાહેર રો. ઉપર પોતાના કબજાની મોટરસાયકલ નં. GJ-27 AN 8299 રોગ સાઈડમાં પુરઝડતે અને ગફલતભરી રીતે અને ભયજનક રીતે ચલાવી પોતાની તથા અન્યની જીદગી જોખમાય તે રીતે ચલાવી લાવી મળી આવી પકડાઈ જઈ તે અંગે ફરીયાદીએ ફરીયાદ આપતાં તે અંગે જે ટ્રાફીક પો.સ્ટે.પાર્ટ બી. ગુ. રજી.નં.૧૧૧૯૧ ૦૬૦૨૨૦૧૨૦/૨૦૨૨ થી ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯ તથા મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૪ મુજબ. નો ગુન્હો નોંધાતાં તપાસના અંતે ત.ક.અધિ.શ્રીએ ક્રિ. પો.કોડની કલમ ૧ ૭૩(૨) તળે ચાર્જશીટ કરેલ છે.

(૨) આરોપીને સમન્સ કાઢતાં હાજર થતાં આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે પુરી પાડી આરોપીનું ગુન્હા સબબ નિવેદન આંક–૦૩થી લેતાં આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે.

(૩) આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી થતા અગાઉ આરોપીએ ગુનો કબુલ કરેલ છે અને તેમનો પ્રથમ

ગુનો છે અને તેમના કુંટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શીરિ રહેલ છે તેવી રજુઆત કરેલ છે. આરોપીના ગુનો કબુલ કરેલ છે તે અંગે તે ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમજ ગુનાની સજાની જોગવાઇ સમજાવતા છતાં તેઓ ગુનો કબુલાતને વળગી રહેલ છે જેથી તે ન માનવાને કોઇ કારણ નથી આથી આરોપીને હવે ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯ તથા મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૪ તળેના ગુના સબબ તકસીરવાન ઠરાવવામા આવે છે. અને આરોપીને સજા અંગે સાંભળ્તા આ તેમનો પ્રથમ ગુનો છે અને ગરીબવર્ગના હોવાનું જણાવેલ છે. આ કામે નામ.ગુજરાત હાઇકોર્ટ સમક્ષના ૨૦૦૫(૧)જી.એલ.આર.પેજનં.૭૦૯ પરનો સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવરલાલ હરીચંદ્ જી.ઠાકોરના કેસનો ચુકાદો ધ્યાને લેતાં પુરતાં વ્યાજબી કારણો હોય તો કેસના સંજોગો ધ્યાને લઇ આરોપીને કાયદામાં કરેલ ન્યુનતમ સજા કરતા હળવી સજા કરવાની સત્તા રહેલ છે.આથી તે રજુઆત જોતાં, આરોપીનો પ્રથમગુનો હોઇ કાયદાનુસાર મહત્મ સજા કરવામાં આવેતો રીઢા ગુનેગારોના સંપર્કમા આવે જેથી તેના જીવન પર વિપરીત અસર થાય તેમ છે આથી આરોપીને કાયદાનુસાર સજા ન કરતા હળવી કરવામા આવેતો ન્યાયનો હેતુ જળવાઇ રહે તેમ છે. આથી વિશેષ ચર્ચા ન કરતાં નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ-૨૭૯ તથા મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૪ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવીને કોર્ટ ઉઠતાં સુધીની સજા અને રૂ.૧૫૦૦-(પંદર સો પુરા રૂપિયા)નો દંડ કરવામાં આવે છે જો આરોપી દંડ ભરવામાં નિષ્ફળ જાયતો દિન-૧૫ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) મુદ્દામાલ અંગે અગાઉ કરેલ હુકમ કાયમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૨/૦૩/૨૦૨૨ ના રોજ માં સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**Date . 12-03-2022**
**Place :SPECIAL SITTING , AHMEADABAD**

**(MR.UTTAMKUMAR NARAYANDAS SINDHI)**
**GJ-00741**
**ADDL.CHIEF METROPOLITAN MAGI.**
**COURT NO.1,AHMEADABAD**